બજારોમાં ગણપતિ, રૂદ્રાક્ષ, શ્રીકૃષ્ણની રાખડીઓની ધૂમ

ગત વર્ષ કરતા આ વર્ષે રાખડીઓના ભાવમાં ૨૦ ટકાનો ભાવ વધારો શહેરના બજારોમાં રાખડીઓની ખરીદી કરતી બહેનોની ભીડ જામી

ગાંધીનગર, તા. ૯

રક્ષાબંધન પર્વને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે રાખડીઓ લેવા માટે બજારોમાં મહિલાઓની ભીડ લાગી છે. રાખડીઓના ભાવમાં ગત વર્ષ કરતા ૨૦ ટકાનો ભાવ વધારો થયો છે. તેમ છતાં પણ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર એવા રક્ષાબંધનની ઉજવણી માટે રાખડીની ખરીદી માટે શહેરમાં દુકાનો બહેનોથી ઉભરાઈ રહી છે. સતત બે વર્ષ કોરોનાની મહામારી બાદ હવે દરેક તહેવારો શહેરીજનો ઉત્સાહથી ઉજવવા લાગ્યા છે. એક તરફ દરેક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ રહ્યો છે તેમ છતાં બહેનો પોતાના ભાઈ માટે અવનવી રાખડીઓ ખરીદી રહી છે. શહેરના બજારોમાં ૨૦ રૂપિયાથી લઈ ૨૦૦ રૂપિયા સુધીની અવનવી ડિઝાઈનવાળી રાખડીઓ મળી રહી છે. આ વર્ષે ગણપતિ, શ્રીકૃષ્ણ ભગવાનના પ્રતિકવાળી રાખડી, અવનવી સ્ટોનવાળી રાખડી, રૂદ્રાક્ષવાળી રાખડી, લખાણવાળી રાખડી, ચાંદીની રાખડીઓ, ભાભીની રાખડીઓ, રંગબેરંગી ઉનના ગોટાવાળી રાખડીઓ જોવા મળી રહી છે.રક્ષાબંધન નિમિત્તે બહેનોએ વિદેશમાં રહેતા તથા દૂરના રાજયોમાં રહેતા ભાઈઓ માટે રાખડીઓ પોષ્ટ કરી છે. જેમાં અધધ ધસારો આ વર્ષે થયો છે. કુરિયર સર્વિસ અને પોસ્ટ વિભાગમાં રાખડીઓનો કવરના ઢગલે ઢગલા આ વર્ષે જે તે સ્થળે મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત ઓનલાઈન માધ્યમમાં રાખડીઓની ખરીદીની ફૂલ ડીમાન્ડ ચાલી રહી છે. જેમાં રાખડીઓની સાથે સાથે મીઠાઈ, ગીફ્ટ, ડ્રાયફ્રૂટ વિગેરે ખરીદીને ભાઈને ગીફ્ટ કરવામાં આવી રહ્યા છે. રાખડીની સાથે કંકુ-ચોખા અને પૂજાની થાળી પણ ઓનલાઈન ડીલીવરી કરવામાં આવી રહી છે. દિવસે ને દિવસે તહેવારોમાં નવા-નવા ટ્રેન્ડ જોવા મળે છે. શહેરમાં બજારોમાં રાખડીઓની લારીઓ સૌથી વધુ જોવા મળી રહી છે અને રાખડીઓની ખરીદી પણ પૂરજોશમાં છે. મીઠાઈઓની દુકાનોમાં પણ તહેવારોના કારણે ભીડ જોવા મળી રહી છે. શહેરીજનો પર્વોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. તેથી બજારોમાં નાની-મોટી ખરીદીઓનો માહોલ જામ્યો છે.

રક્ષાસૂત્ર પર ત્રણ ગાંઠ શા માટે છે જરૂરી ?

રક્ષાબંધન પર બહેન પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધતી વખતે રક્ષા સૂત્ર પર ત્રણ ગાંઠ લગાવે છે. ધાર્મિક માન્યતા મુજબ રાખડી બાંધતી વખતે ત્રણ ગાંઠ લગાવવી શુભ માનવામાં આવે છે. કારણ કે આ ત્રણેય ગાંઠોનો સંબંધ ત્રિદેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે છે. કહેવાય છે કે રાખડીની પહેલી ગાંઠ ભાઈના લાંબા આયુષ્ય માટે, બીજી ગાંઠ પોતાના દીર્ઘ આયુષ્ય માટે અને ત્રીજી ગાંઠ ભાઈ-બહેનના સંબંધોમાં મધુરતા લાવવા અને સુરક્ષા માટે બાંધવામાં આવે છે. આવી રીતે રાખડી બાંધતી વખતે ત્રણ ગાંઠ લગાવવી શુભ મનાય છે.

શુભ મુહૂર્ત અને રાખડીનો સમય

પૂનમની શરૂઆત ૧૧ ઓગષ્ટ, ૨૦૨૨ને ગુરૂવારે સવારે ૯.૩૫ વાગ્યે થશે. પરંતુ તેમાં ભદ્રા યોગ રહેલો છે. જ્યોતિષશાસ્ત્રના 'શુભકરં પુચ્છં એવમ વાસરે શુભકારી રાત્રો' સિદ્ધાંત મુજબ ગુરૂવારે સાંજે ૫.૪૦ વાગ્યા પછી રાખડી બાંધવાના શુભ યોગ બનશે. ૧૨મી ઓગષ્ટે ભદ્રા નથી પરંતુ પૂનમની તિથી ફક્ત ૭.૧૬ વાગ્યા સુધીની છે. તેથી આ દિવસે પણ રક્ષાબંધન ઉજવાશે. ધાર્મિક માન્યતા મુજબ રાખડી બાંધતી વખતે ભાઈને પૂર્વ દિશા તરફ અને બહેને પશ્ચિમ દિશા તરફ મોઢું રાખવું જોઈએ.

સાદરા ખાતે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃતિ યોજનાઓથી માહિતગાર કરાયાં

ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગરના સાદરા ખાતેના શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદની એસ.સી.-એસ.ટી. અને ઓ.બી.સી. સેલ તથા આઈ.ક્યુ.એસ.સી.ના સંયુક્ત ઉપક્રમે તારીખ તા.૮મી ઓગસ્ટના રોજ સાદરા ખાતે વિદ્યાર્થીઓને સરકારની વિવિધ શિષ્યવૃતિ તથા અન્ય વિદ્યાર્થી લક્ષી યોજનાઓથી માહિતગાર કરવા માટે એક દિવસીય અભિમુખતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક રાજેન્દ્રભાઈ ખીમાણી, વિકસતી જાતિ કલ્યાણ વિભાગના સંયુક્ત નિયામક એચ.એમ.વાઘાણી, નાયબ નિયામક ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નાયબ નિયામક રાજેશભાઈ વસાવા તથા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ યુનિવર્સીટીના સુધીરકુમાર શર્માએ વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી માર્ગદર્શન અને માહિતી આપી હતી.કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના સાદરા ખાતેના શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય, માયક્રોબાયોલોજી અને ગૃહવિજ્ઞાન વિભાગના સ્નાતક, અનુસ્નાતક તથા પી.એચ.ડી.કક્ષાના આશરે ૩૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને યુ.જી.સી.ની વિવિધ યોજનાઓની ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી તેમજ સબંધિત પ્રકાશિત સાહિત્ય પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસ.સી.-એસ.ટી. સેલના લાયઝન અધિકારી ડૉ. નીરજ સીલાવટ અને ઓ.બી.સી. સેલના લાયઝન અધિકારી ડૉ. પ્રતીક શિલ્પકારે જણાવ્યું કે આવા કાર્યક્રમો ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા અને અમદાવાદ કેમ્પસના વિદ્યાર્થીઓ માટે પણ નજીકના સમયમાં યોજવામાં આવશે જેથી સરકારી યોજનાઓનો લાભ વધારે વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને મળી શકે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી રાજેન્દ્રભાઈ ખીમાણીએ જણાવ્યું કે સરકારની શિષ્યવૃતિની જરૂરીયાત ના હોય તેવા વિધાર્થીઓને પણ સરકારની વિવિધ યોજનાઓની જાણકારી હોવી જરૂરી છે જેથી બીજા જરૂરિયાતવાળા વિદ્યાર્થિયોને માહિતી આપીને સમાજ પ્રત્યેનું ઋણ ઉતારી શકાય. આખા કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરજ સીલાવટ દ્વારા અને આભાર વિધિ ઓ.બી.સી. સેલના લાયઝન અધિકારી ડૉ. પ્રતીક શિલ્પકારે દ્વારા કરવામાં આવ્યું હતું.

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાના પદાધિકારીઓ અને સદસ્યો જોગ

ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે સેક્ટર-૨૮માં વસંતકુંવરબા હાઈસ્કૂલ ખાતે તારીખ ૧૦ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ સવારે ૮ વાગ્યે વિશ્વના ૧૯૩ દેશોના રાષ્ટ્ર ધ્વજનું પ્રદર્શન, આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે તિરંગા પ્રદર્શન દ્વારા ભારતના રાષ્ટ્ર ધ્વજનું મહત્વ વિધાર્થીઓ સમજે રાષ્ટ્ર ભાવના પેદા થાય તે હેતુથી કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે તો સંસ્થાના તમામ પદાધિકારીઓ અને સદસ્યોને સવારે ૭. ૩૦ વાગ્યે ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશભક્તિ-શૌર્યગીતનો લોકડાયરો યોજાયો

ગાંધીનગર, તા. ૦૯

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી શહેરના જાણિતા કલાકાર એન. સી ચૌહાણના સંયુક્ત ઉપક્રમે દેશભક્તિ ગીતો અને શૌર્યગીતનો લોકસાંસ્કૃતિક કાર્યક્રમ ભવ્ય લોકડાયરાનું આયોજન મહેમદાવાદ તાલુકાના રૂદણ ગામ ખાતે કરવામા આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અતિથિ વિશેષ મુખ્ય મહેમાન તરીકે જીલ્લા બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ ગોવિંદભાઈ શર્મા તથા રૂદણ ગામ પંચાયતના સરપંચ વિજયસિહ સોલંકી જાળીયા ગામ પંચાયતના સરપંચ રમેશભાઈ ડાભી તેમજ પધારેલા આગેવાનોના હસ્તે દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન અતિથિ વિશેષ મુખ્ય મહેમાનનું સ્વાગત ગામના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. દેશભક્તિ ગીતો અને શૌર્યગીત સહિત લોકગીતો ઉપસ્થિત જાણીતા લોકપ્રિય કલાકારો રસિક બારોટ તથા ભાવના નાયક અને અલ્કા રાઠોડ, ધ્રુવ વ્યાસ કમલેશ સોલંકી અને લોકપ્રિય ફિલ્મ એકટર એન. સી ચૌહાણ વગેરે ડાયરાની મૌજ કરાવી હતી આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પંચાયત સંકુલમાં રિનોવેટ કરાયેલ આંકડા શાખા અને આઈસીડીએસની કચેરી પંચાયત મંત્રી ખુલ્લી મુકશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં આઈ.સી.ડી.એસ., આંકડાશાખા તેમજ ડેટા સેન્ટર અને જિલ્લાના ઈ.ગ્રામ કંટ્રોલ યુનિટ સેન્ટરની નવનિર્મિત કચેરી આજે રાજ્ય પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાના હસ્તે ખુલ્લી મુકવામાં આવશે.

૯-૧૧-૨૧ના રોજ પંચાયત સંકુલમાં લાગેલી આગમાં રૂ. ૫૦ લાખના ખર્ચે કેન્દ્ર સરકારની સહાયથી બનેલ ડેટા સેન્ટર તેમજ આંકડાશાખાને ભારે નુકશાન થયુ હતુ. નવ મહિનાના ટુંકા ગાળામાં આ કચેરીનું રિનોવેશન કામ પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે.

જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી આ કચેરીનું રિનોવેશન કરવામાં આવ્યુ છે. રૂ. ૫૪ લાખનો આ અંગેનો અંદાજ રાખવામાં આવ્યો હતો અને તે અંગેના ટેન્ડરો જારી કરવામાં આવ્યા હતા. આ રિનોવેશનની કામગીરીનું ટેન્ડર નીચુ ભરાઈને આવ્યુ હતુ અને અંદાજે રૂ. ૩૫ લાખના ખર્ચે આ કામગીરી સંપન્ન થઈ છે.

જિલ્લા પંચાયતની આંકડા શાખા અને ઈ.ગ્રામનું કંટ્રોલ યુનિટ હાલ અન્ય કચેરીઓ સાથે બેસી કામગીરી કરી રહેલ છે. આઈ.સી.ડી.એસ. શાખાને પણ બે નાનકડી કચેરીમાં સમાવવામાં આવી હતી.

ફર્નિચર સહિતની કામગીરીનું રિનોવેશન પૂર્ણ થતાં હવે આ કચેરી આજે રાજ્યના પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાના હસ્તે ખુલ્લી મુકવામાં આવશે. પંચાયત મંત્રી દ્વારા રાજ્ય સરકાર દ્વારા પ્રમુખ માટે કરાયેલી ગાડીની ચાવી પણ આપવામાં આવનાર છે. અઢી વર્ષ કરતાં પણ વધુ સમય બાદ પ્રમુખને સત્તાવાર ગાડી પ્રાપ્ત થશે.

આજે કચેરીના ઉદ્‌ઘાટન સમારોહમાં ધારાસભ્યો, ચૂંટાયેલા સભ્યો તેમજ આમંત્રિતોને આમંત્રણ કાર્ડ પણ પાઠવી દેવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયત સંકુલમાં ગંદકી દેખાય નહિ તે માટે ખાસ કપચીનો ભુકો નાખવામાં આવ્યો છે જેથી પાણી ભરાઈ ગયેલુ કે ગટર લિકેજીસને કારણે મારતી દુર્ગંધ અટકે તેની કાળજી લેવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં ખુલ્લુ વાયરીંગ આજે પણ ભયજનક છે. પંચાયત સંકુલમાં રેકર્ડ રૂમની વ્યવસ્થા પણ નથી.

આજે સે. ૩-ડી રામેશ્વર મંદિરમાં ભજનનું આયોજન

ગાંધીનગર, તા. ૯

સેક્ટર-૩-ડી રામેશ્વર મંદિરમાં સ્વ. રંજનબેન કાપડીયાના સ્મરણાર્થે ૧૦-૮-૨૨ના રોજ બપોરે ૨.૩૦થી ૫.૦૦ વાગ્યા સુધી કોકીલાબેન ઠાકોરના સુર મધુર કંઠે ભજનનું આયોજન કરાયુ છે. તો સર્વે ભાવિ ભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું હતું. અખબારી યાદીમાં ભાવસાર પ્રફુલ્લાબેને જણાવ્યુ હતુ.

મગોડીની માધ્યમિક શાળામાં ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત લલિત કલા અકાદમીના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગરના સહયોગથી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર, મગોડી ખાતે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

બીએસએફ બ્રાસ બેન્ડ અને ઓરકેસ્ટ્રા પર્ફોર્મન્સે સાયન્સ સિટી ખાતે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા

ગાંધીનગર, તા.૦૯

ગુજરાત સાયન્સ સિટી ખાતે "આઝાદી કા અમૃત મહોત્સવ" અને "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત તારીખ ૬ અને ૭ ઓગસ્ટના રોજ સાંજે બીએસએફ બ્રાસ બેન્ડ અને ઓરકેસ્ટ્રા સાથે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ ઉત્સાહથી જોડાયા હતા. આ પ્રસંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ અને બીએસએફના ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટિયર હેડક્વાર્ટરના ઈન્સ્પેક્ટર જનરલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બીએસએફ બ્રાસ બેન્ડ અને ઓરકેસ્ટ્રા પર્ફોર્મન્સે દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. સાયન્સ સિટી ખાતે આ વર્ષે તા.૨ ઓગસ્ટથી તા.૧૫ ઓગસ્ટ સુધી ૧૪ દિવસ લાંબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસો દરમિયાન વિવિધ પ્રકારનાં કાર્યક્રમો જેવા કે રાષ્ટ્ર ધ્વજનું માન જાળવવા માટેના લોક જાગૃતિના કાર્યક્રમો સોશ્યલ મીડિયા મારફતે નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે. ઉપરાંત રાષ્ટ્ર ધ્વજને કેવી રીતે બાંધવો અને ધ્વજ વંદન કેવી રીતે કરવું તેની તાલિમ આપવામાં આવશે. રાષ્ટ્ર ધ્વજ સાથે શું કરવું અને શું ન કરવું તેની માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત બાળકોમાં દેશભક્તિની ભાવના જગાવવા માટે રાષ્ટ્ર ધ્વજ વિષય ઉપર ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. સ્વતંત્રતાનાં ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે સરકારે લોકો માટે આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમની શરૂઆત કરી છે. આ કાર્યક્રમ તા.૧૨ માર્ચ ૨૦૨૧થી શરૂ કરવામાં આવ્યો છે અને તે ૭૫ સપ્તાહ સુધી ચાલશે. આ કાર્યક્રમ તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ચાલશે. આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તારીખ તા.૧૩ ઓગસ્ટથી તા.૧૫ ઓગસ્ટ દરમિયાન દેશનાં દરેક ઘર ઉપર તિરંગો લગાવવામાં આવશે. તેની પાછળનો ઉદ્દેશ દેશવાસીઓમાં દેશભક્તિની ભાવના જાગે અને રાષ્ટ્ર ધ્વજ અંગે લોકોમાં જાગરૂકતા આવે તે માટેનો છે.

શહેરમાં વૃક્ષો સાથે "ફ્રેન્ડશિપ ડે" ઉજવતું વનશ્રી ટ્રસ્ટ

ગાંધીનગર,તા.૦૯

એવું કહેવાય છે કે વૃક્ષો માનવીના સૌથી શ્રેષ્ઠ મિત્રો છે, જેઓ માનવીને નુકસાનકારક કાર્બન ડાયોકસાઈડને પોતે શોષી લે છે અને માનવીને ઓક્સિજન એટલે કે પ્રાણવાયું આપે છે. આ ઉપરાંત વૃક્ષો માનવી ફળ, ફુલ, લાકડું, છાંયડો સહિત અનેક ચીજવસ્તુઓ આપવા સાથે વરસાદ લાવવામાં મદદરૂપ કરે છે જેથી માનવી પેટનો ખાડો પુરવા ધાન ઉગાડી શકે અને પીવા પાણી પામી શકે. વૃક્ષો પર્યાવરણનું જતન કરવા સાથે કોઈપણ અપેક્ષા વગર જ માનવી પર અસંખ્ય ઉપકાર કરે છે જ્યારે માનવી તેના બદલામાં પોતાની જ અધોગતિને નોંતરી રહ્યો છે. સમયની માંગ છે કે વૃક્ષોના આડેધડ નિકંદનને અટકાવાય અને તે હેતુથી શહેરની પોતાના સ્વાર્થ ખાતર વૃક્ષોનું નિકંદન કાઢીને જાણે અજાણે ઉજવી હતી.

ઓગસ્ટ મહિનાના પહેલાં રવિવારને વિશ્વભરમાં "ફ્રેન્ડશિપ ડે" તરીકે ઉજવવામાં આવે છે. જાણીતી પ્રકૃતિ પ્રેમી સંસ્થા વનશ્રી ટ્રસ્ટ દ્વારા વૃક્ષો સાથે ફ્રેન્ડશિપ ડે શહેરમાં વનશ્રી ટ્રસ્ટ છેલ્લાં ૧૦ વર્ષથી નગરિકો દ્વારા વૃક્ષને નાડાછડી બાંધીને આજીવન વૃક્ષને સાચવણી કરવાની પ્રતિજ્ઞા લેવડાવી આ દિવસને ઉજવે છે. આ પ્રસંગે સંસ્થાના સંચાલક અંજનાબેન નિમાવતે જણાવ્યું હતું કે "જો વૃક્ષ નહીં હોય તો આપણું શું થશે? તાજેતરમાં જ આપણને કોરોના મહામારીમાં ઓક્સીજનની કિંમત સમજાઈ છે અને હજુપણ વૃક્ષને નહિ સાચવીએ તો અત્યારે વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યા છે એમાં વધારો થતો રહેશે અને છેવટે જેમ આપણે એટીએમમાંથી નાણાં ઉપાડીએ છીએ એ રીતે આવનારી પેઢીને ઓક્સિજન બારમાં જઈને શુદ્ધ હવા લેવાના દિવસો આવશે." કાર્યક્રમનું આયોજન રિંકલ પટેલ અને મહાવીર નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં અંજનાબેન નિમાવતે હાજર રહીને નગરજનોને "ગો ગ્રીન બાય હાર્ટ"નું સ્લોગન આપીને તેને જીવનમાં ઉતારવા તેમજ પર્યાવરણને સાચવવાનો સંદેશ આપ્યો હતો.

શહેરમાં "હર ઘર તિરંગા અભિયાન" અંતર્ગત નાગરિકોમાં તિરંગો ફરકાવવા ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત વોર્ડ નંબર-૭માં વાવોલની શાલીન-૨ સોસાયટી ખાતે સ્થાનિક કોર્પોરેટર દ્વારા તિરંગા આપવામાં આવ્યાં હતા જેને સોસાયટીના હોદેદારો અને વડીલોએ સ્વિકારી રાષ્ટ્રભક્તિના કાર્યક્રમમાં તેમનું યોગદાન આપવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મહાનગરપાલિકા દ્વારા "હર ઘર તિરંગા અભિયાન" તિરંગા શહેરમાં વિતરણ કેન્દ્રો શરૂ કરાયાં છે જેમાં ટોકન ભાવે તિરંગાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે, જોકે અહીં ભાજપના કોર્પોરેટર દ્વારા સોસાયટીના રહીશોને વિના મૂલ્યે તિરંગા પુરા પાડવામાં આવ્યાં હતા.